કાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.

ફોન નં.(૦૨૮૩૨)૨૩૫૦૦૨,
ફેકસ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૨

ઈમેઈલ-info@kskvkachchhuniversity.org

વેબ-kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./એ.સી.મિનિટ્સ નોંધ/૨૦૦૯/ 557 - 583

તા.૨૧/૦૪/૨૦૦૯

પ્રતિ,

એકેડેમિક કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ તરફ,

....ડૉ. કું. રશ્મિ. ત્રિવેદી.......,

....આ.શ્રી. સભ્યશ્રી..........,

**વિષય :–** તા.૧૩/૦૪/૨૦૦૯ ના રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ એકેડેમિક કાઉન્સિલની સભાની મિનિટ્સ નોંધ.

શ્રીમાન,

માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૧૩/૦૪/૨૦૦૯ના રોજ એકેડેમિક કાઉન્સિલની સભા યુનિવર્સિટી કાર્યાલય ખાતે બપોરે ૩–૩૦ કલાકે યોજાયેલ. આ સભાની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખેલ છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ...

આપનો વિશ્વાસુ,

કુલસચિવ

બિડાણ :–

- મિનિટસ્ નોંધ

નકલ રવાના :–

- માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ

Krishna Verma Kachchh University
Bhuj-Kachchh
370001

**એકેડેમિક કાઉન્સિલના સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા. ૧૩/૪/'૦૯ નાં રોજ ૦૩:૩૦ કલાકે મળેલ સભાની મિનીટ્સ નોંધઃ**

આજ રોજ તા.૧૩/૪/'૦૯ નાં રોજ સવારે ૦૩:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના કોન્ફરન્સ હોલમાં એકેડેમિક કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ. જેમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રીના અનુમોદનથી સૌ સભ્યશ્રીઓને આવકારી સભાની શરૂઆત કરવામાં આવી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|---|
| ૧. | માન. ડૉ. કે. વી. ગોર, કુલપતિશ્રી | હાજર |
| ૨. | ડૉ. દર્શનાબેન ધોળકિયા | હાજર |
| ૩. | ડૉ. શ્રીધર રાજેશ્વરન | ગેર હાજર |
| ૪. | ડૉ. કે. એમ. ત્રિવેદી | હાજર |
| ૫. | ડૉ. તુષાર હાથી | હાજર |
| ૬. | ડૉ. ગીરીન બક્ષી | હાજર |
| ૭. | ડૉ. એમ.જી. ઠક્કર | હાજર |
| ૮. | ડૉ. પી.એસ. હિરાણી | હાજર |
| ૯. | ડૉ. બી.એસ. પટેલ | ગેર હાજર |
| ૧૦. | શ્રીમતિ પંડિત એસ.કે. | હાજર |
| ૧૧. | ખિયાણી હરીશ ટી. | હાજર |
| ૧૨. | શ્રી ઉદેશી પી.ડી. | ગેર હાજર |
| ૧૩. | ડૉ. દક્ષીણી જે. એચ. | ગેર હાજર |
| ૧૪. | શ્રી પી.એમ. ભટ્ટ | ગેર હાજર |
| ૧૫. | ડૉ. ડી. કે. પૈજા | ગેર હાજર |
| ૧૬. | શ્રી કે. એમ. પંડયા | ગેર હાજર |
| ૧૭. | શ્રી પ્રફુલ સી. શાહ | હાજર |
| ૧૮. | શ્રી આર. એસ. લુહાણા | હાજર |
| ૧૯. | શ્રી કુતુબુદિન એસ. વોરા | ગેર હાજર |
| ૨૦. | શ્રી એમ. એસ. રાઠોડ | ગેર હાજર |
| ૨૧. | ડૉ. નીતાબેન એ. ઠાકર | હાજર |
| ૨૨. | શ્રી ટી. જે. મટાણી | ગેર હાજર |
| ૨૩. | શ્રી જે. એમ. પટેલ | હાજર |

| | | |
|---|---|---|
| ૨૪. | શ્રી એસ. જે. મહેશ્વરી | ગેર હાજર |
| ૨૫. | શ્રી કમલેશ કે. બુદ્ધભટ્ટી | હાજર |
| ૨૬. | ડૉ. એસ. જી. ધર્માણી | ગેર હાજર |
| ૨૭. | ડૉ. એલ. વી. ફફલ | ગેર હાજર |

Krishna Verma Kachchh University
Bhuj-Kachchh
370001

**<u>ગત મિનિટ્સને બહાલી બાબતે નીચેનાં મુદ્દે ચર્ચા થયેલ.</u>**

**<u>ઠરાવ : ૧</u>**

૦૧. ગુજરાત યુનિવર્સિટી અનુસાર પેપર સેટીગના મહેનતાણાં ચૂકવવા બાબતે Accountancy Statistics ની સાથે Taxation નું નામ પણ ઉમેરવું અને તે મુજબનું ચૂકવણું કરવાનુ રહેશે.

૦૨. જે અધ્યાપકે પરીક્ષક તરીકે જે તે વિષયમાં કામગીરી બજાવી હોય તે વિષયમાં તે અધ્યાપક મોડરેશન કરી શકશે નહી. તે બાબતે ચર્ચા વિચારણા થયા બાદ નીચે મુજબનો નિર્ણય લેવામાં આવ્યો.

**બધાજ પેપરનું મોડરેશન કરવાનું રહેશે. જેમાં જરૂર જણાય મોડરેટર તરીકે જુનિયર અધ્યાપક સિનિયર અધ્યાપક દ્વારા તપાસાયેલ પેપરનું મોડરેશન કરી શકશે.**

૦૩. જૂના પેપર સેટના ઉપયોગ બાબતે ચર્ચા વિચારણા થતાં Taxation, Commercial Communication ના પેપર સેટનો ઉપયોગ જે તે વર્ષ માટે જ કરવાનો રહેશે. **"આવા પેપર સેટનો ઉપયોગ કરવાનો રહેતો નથી"** તેવા રીપોર્ટ ડીનશ્રીએ પરીક્ષા નિયામકશ્રીને આપવાનો રહેશે. ડીનશ્રી દ્વારા જે રીપોર્ટ મળશે તે મુજબ પરીક્ષા વિભાગે ઉપર દર્શાવેલ વિષયનાં જૂના પેપર સેટની કાર્યવાહી કરવાની રહેશે.અન્ય વિષયોમાં જૂના પેપર સેટનો ઉપયોગ થઈ શકશે.

ઉપર મુજબનાં મુદ્દાઓની બહાલી સાથે ગત્ મિટિ્સને મંજૂર રાખવામા આવી.

**૨. યુનિવર્સિટી સંલગ્ન નવા તથા ચાલુ અભ્યાસક્રમોનાં જોડાણ બાબત....**

**ઠરાવ : ૨** સ્થાનિક તપાસ સમિતિના રજૂ થયેલ રિપોર્ટસ બાબતે નીચે મુજબ નિર્ણયો કરવામાં આવે છે.

૦૧. જો સંસ્થાની એકથી વધુ અભ્યાસક્રમો ચાલુ કરવા માટેની જોડાણ અરજી યુનિવર્સિટીને મળેલ હોય તો સ્થાનિક તપાસ સમિતિની સંબધિત અભ્યાસક્રમો માટેની સંયુકત સમિતિ મોકલવી.જેથી તેમની પાસે રહેલ Infrastructure તથા અન્ય સગવડતા બાબતે સ્પષ્ટતા મળી રહે.

૦૨. સંબધિત સંસ્થાની જોડાણ અરજી બાબતે યુનિવર્સિટીની ભલામણના આધારે રાજ્ય સરકાશ્રીને સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી મળ્યા બાદ જ સંસ્થા વિદ્યાર્થીઓની ભરતી કરતી હોય છે.યુનિવર્સિટી સમક્ષ સંબંધિત સંસ્થાએ નિયુકત કરવામાં આવેલ શૈક્ષણિક સ્ટાફ પ્રોફાઈલ રજૂ કર્યા બાદ અને યુનિવર્સિટીની વિદ્યાર્થીઓની ભરતી કરવાની મંજૂરી મેળવ્યા બાદ જ યુનિવર્સિટી નકકી કરે તે મુજબ,સંસ્થાએ પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે.

૦૩. હોલમાતાજી ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાનિક તપાસ સમિતિનાં રીપોર્ટ અનુસાર તેમની પાસેથી પ્રગતિ અહેવાલ મળ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

સ્થાનિક તપાસ સમિતિનાં ન મળેલ રીપોર્ટ તેમજ અન્ય જોડાણને લગતી બાબતે આગળનાં નિર્ણયો લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

Krantiguru Shyamji Krishna Verma Kachchh University
Bhuj-Kachchh
370001

ટી.વાય.બી.એ.નો અભ્યાસક્રમ મંજૂર કરવા બાબત....

ઠરાવ : ૩ ડીનશ્રી,વિનયન વિદ્યાશાખા દ્વારા રજૂ કરવામા આવેલ ટી.વાય.બી.એ.નો અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ થી અમલવારી અર્થે મંજૂર રાખવામાં આવ્યો.

૪. ટી.વાય.બી.એસ. સી.નો અભ્યાસક્રમ મંજર કરવા બાબત....

ઠરાવ : ૪ ડીનશ્રી,વિજ્ઞાન વિદ્યાશાખા દ્વારા રજૂ કરવામા આવેલ ટી.વાય.બી.એસ.સી.નો અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ થી અમલવારી અર્થે મંજૂર રાખવામાં આવ્યો.

૫. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે....

અધ્યક્ષ સ્થાનેથી માનનીય કુલપતિશ્રીની મંજૂરીથી નીચે મુજબનાં મુદ્દાઓ ચર્ચવામાં આવ્યા અને નિર્ણયો લેવામાં આવ્યા.

૦૧. **B.B.A., B.C.A., - B.S.W. માં અંગ્રેજી વિષયના અભ્યાસક્રમ બાબતે.....**

ઠરાવ : ૫ F.Y.,S.Y.,T.Y.- B.A., B.Com. & B.Sc.માં ચાલતા 'અંગ્રેજી' વિષયના અભ્યાસક્રમોનો જ F.Y.,S.Y.,T.Y. B.B.A.-B.C.A.& B.S.W. નાં 'અંગ્રેજી' વિષય માટે ઉપયોગ કરવાનો રહેશે. જેમાં F.Y.,S.Y.,T.Y. - B.Com. મા ચાલતા 'અંગ્રેજી' વિષયનાં અભ્યાસક્રમને F.Y.,S.Y.,T.Y. B.B.A. માટે, તથા F.Y., S.Y., T.Y. - B.A.'અંગ્રેજી' વિષયનાં અભ્યાસક્રમને F.Y.,S.Y.,T.Y -B.S.W. માટે, તથા F.Y.,S.Y.,T.Y. B.Sc.- નાં 'અંગ્રેજી' વિષયનાં અભ્યાસક્રમને F.Y., S.Y. T.Y.- B.C.A.નાં 'અંગ્રેજી' વિષયનાં અભ્યાસક્રમ તરીકે ઉપયોગ કરવાનો રહેશે.

૦૨. **B.Ed. (Sp.) અભ્યાસક્રમમાં 'સમાજવિદ્યા' અને 'ગુજરાતી' વિષય–મેથડના અભ્યાસક્રમ બાબતે.....**

ઠરાવ : ૬ રેગ્યુલર બી.એડ્. કોલેજોમાં ચાલતાં 'સમાજવિદ્યા' અને 'ગુજરાતી' વિષય–મેથડના અભ્યાસક્રમને જ B.Ed. (Sp.) અભ્યાસક્રમ અન્વયેનાં 'સમાજવિદ્યા' અને 'ગુજરાતી' વિષય–મેથડના અભ્યાસક્રમ તરીકે ઉપયોગમાં લેવાનો રહેશે.

૦૩. **એમ.એસ.સી. – કેમેસ્ટ્રી સેમેસ્ટર I & II નાં અભ્યાસક્રમોને મંજૂરી આપવા બાબતે.....**

ઠરાવ : ૭ ડૉ. ગીરીન બક્ષી, શ્રી આર.એસ. લુહાણા અને ડીનશ્રી,વિજ્ઞાન વિદ્યાશાખા દ્વારા રજૂઆત તથા રજૂ થયેલ એમ.એસ.સી. – કેમેસ્ટ્રી સેમેસ્ટર I & II નાં અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ થી મંજૂર રાખવામાં આવે છે.

૦૪. **જૂનો કોર્ષનાં વિદ્યાર્થીઓને કેટલી ટ્રાય આપવા બાબતે.**

ઠરાવ : ૮ જે વિદ્યાર્થીઓ ફેલ થયા હોય કે એ.ટી.કે.ટી. ધરાવતા હોય અથવા અન્ય કારણો સર અભ્યાસ મૂકી દીધા બાદ અત્યારે ફરીથી કોઈ અભ્યાસક્રમમાં જોડાવવા ઈચ્છતા હોય તો તેમનાં માટે નીચે મુજબની જોગવાઈ કરવામાં આવે છે.

૦૧. જો વિદ્યાર્થી માસ્ટર ડીગ્રીમાં પ્રવેશ લેનાર હશે તો જે અભ્યાસક્રમ ચાલતો હશે તે જ અભ્યાસક્રમમાં પ્રવેશ તથા તેની જ પરીક્ષા આપવાની રહેશે એટલે જૂના કોર્ષની પરીક્ષા લેવાની રહેશે નહી.

૦૨. જો વિદ્યાર્થી ફેઈલ કે એ.ટી.કે.ટી.નાં કારણો સર અંડર ગ્રેજ્યુએટમાં હશે તો તે વિદ્યાર્થીને જૂના કોર્ષની બે ટ્રાય – (ઓકટોમ્બર અને માર્ચ અથવા એક વર્ષ સુધી ) મળી શકશે. જે વિદ્યાર્થીએ ભણવાનું મૂકી દીધા બાદ ફરીથી અભ્યાસક્રમમાં જોડાય તો જે અભ્યાસક્રમ ચાલુ હોય તેની પરીક્ષા આપવાની રહેશે.

૦૩. યુનિવર્સિટીએ માસ્ટર ડીગ્રીમાં ચાર પેપરનાં સ્થાને પાંચ પેપરની અમલવારી ગત વર્ષથી કરેલ છે ત્યારે પાર્ટ–૧ જો ચાર પેપર સાથે પાસ કરેલ હોય, તેવા વિદ્યાર્થીઓ જો પાંચ પેપરનાં અભ્યાસક્રમોમાં દાખલ થાય ત્યારે પાર્ટ–૨નાં પાંચ પેપરો સાથે પાર્ટ–૧નું પાંચમુ પેપર પણ પાસ કરવાનું રહેશે.

માસ્ટર ડીગ્રીનાં પ્રથમ વર્ષમાં જૂનાં ચાર પેપરમાં જો વિદ્યાર્થી ફેઈલ થયેલ હોયતો, નવા અભ્યાસક્રમની પધ્ધતિમાં દાખલ થવાનું રહેશે.

Krantiguru Shyamji Krishna Varma Kachchh University
Bhuj-Kachchh
370001

૦૫. **અનુસ્નાત ભવનોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનાં પેપરનાં મોડરેશન બાબત....**

ઠરાવ : ૯ અનુસ્નાતક ભવનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનાં પરીક્ષાના પેપરમાં મોડરેશન અનુસ્નાતક ભવનનાં વડા જ કરે તેવી ડૉ. દર્શનાબેન ધોળકિયાની રજૂઆતના મુદ્દે ચર્ચા થતાં નીચે મુજબની સિમિતિ બનાવામાં આવી.

૧. ડૉ. દર્શનાબેન ધોળકિયા – અધ્યક્ષશ્રી
૨. ડૉ. એમ.જી. ઠક્કર. – સભ્યશ્રી
૩. શ્રી પી.એમ. ભટ્ટ. – સભ્યશ્રી

આ સમિતિ પોતાનો રીપોર્ટ માનનીય કુલપતિશ્રીને રજૂ કરશે. અને રીપોર્ટ પરથી મોડરેશન બાબતે માનનીય કુલપતિશ્રીએ નિર્ણય લેવાનો રહેશે.

૦૬. **જી.ટી.યુ.અસ્તિત્વમાં આવતા ઈજનેરી કોલેજ,ભુજ નું જોડાણ જી.ટી.યુ.સાથે થતાં સેમેસ્ટર– ૩ નાં ફેઈલ થયેલ વિદ્યાર્થીઓ બાબત.....**

ઠરાવ : ૧૦ ઈજનેરી કોલેજ,ભુજનાં સેમેસ્ટર– ૩ નાં ફેઈલ થયેલ કે એ.ટી.કે.ટી. ધરાવનાર વિદ્યાર્થીઓની એક વધારાની પરીક્ષા લેવા માટે અત્રે મળેલ અરજીઓનાં અનુસંધાને એક વધારાની પરીક્ષા લઈને તેમને જી.ટી.યુ.માં પ્રવેશ મળી શકે તેવી કાર્યવાહી પરીક્ષા વિભાગે ગોઠવવી.

અધ્યક્ષશ્રીનો આભાર માની અને અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં મિટીંગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

---

(Anil Gor)
REGISTRAR
K.S.K.V. Kachchh University
Bhuj-KACHCHH.